## બ્લાઉઝની નેકલાઈન અનુસાર
# જ્વેલરી કઈ રીતે પસંદ કરશો?



**સાડીમાં એવી તો કોઈ ખાસ વાત છે જે એને સદાબહાર બનાવે છે પરંતુ પછી આવે છે જ્વેલરી પસંદગીની થોડી મુશ્કેલી. તમે વોર્ડરોબની સામે લાંબો સમય ઊભાં રહો છો પરંતુ તમારો ફેવરીટ નેકલેસ પણ સાડી સાથે મેચ થતો ન હોવાનું તમને લાગે છે. આનું કારણ શું? કારણ છે બ્લાઉઝ! દરેક બ્લાઉઝના કટ અલગ હોય છે અને બ્લાઉઝની જુદી જુદી નેકલાઈન સાથે જ્વેલરી કઈ રીતે પેર કરવી તે જાણી લો તો સ્ટાઈલિંગ કરવું બહુ સહેલું થઈ જાય છે. આવો જાણીએ કેટલાક ફેશન હેક્સ વિશે જે સાડીને એકસેસરાઈઝ કરવાનાં કામને આસાન, સ્ટાઈલિશ અને મજેદાર બનાવશે.**

બ્લાઉઝની નેકલાઈન નક્કી કરે છે કે કયા પ્રકારનાં આભૂષણ સંતુલિત લાગશે, કયા વધારે લાગશે અને કયા અધૂરાં લાગશે. બ્લાઉઝની નેકલાઈન જ નક્કી કરે છે કે નજર કયાં જશે. ખુલ્લી નેકલાઈનમાં નેકલેસ માટે જગ્યા હોય છે જયારે બંધ કે ડિઝાઈનવાળી નેકલાઈનમાં ઓછાં ઘરેણાંની જરૂર પડે છે. નેકલાઈન જેટલી ખુલ્લી અને સિમ્પલ હશે એના પર એટલાં જ વધારે ઘરેણાં શોભશે.

## બોટ નેક બ્લાઉઝ

ચોકર્સ તમારા સૌથી સારા ફ્રેન્ડ છે. બોટ નેક બ્લાઉઝ એલિગન્ટ અને સિમ્પલ હોય છે. ચોકર્સ એની સાથે સૌથી સારાં લાગે છે. ચોકર કોલરબોન પર બેસે છે અને બ્લાઉઝની સ્લીક નેકલાઈનને વધારે ભરાવદાર દર્શાવ્યા વિના એને વધારે નિખારે છે. દિવસના પ્રસંગ માટે લાઈટ ચોકર પસંદ કરો અને સાંજના ફંકશન માટે બોલ્ડ લુક અપનાવો. જો તમારે નેકલેસ ન પહેરવો હોય તો ગોલ્ડન ઈયરિંગ્સ, ઓક્સિડાઈઝ્ડ ઝુમખા કે સ્ટેટમેન્ટ સ્ટડ્સ આ નેકલાઈનને બેલેન્સ કરશે.



## ઓફ ધ શોલ્ડર બ્લાઉઝ

ઓફ ધ શોલ્ડર બ્લાઉઝ ખભાને ખુલ્લા રાખે છે એટલે નાના નેકલેસ માટે જગ્યા થાય છે. અહીં ચોકર અને કોલર સ્ટાઈલ નેકલેસ બહુ સારા લાગે છે. બ્લાઉઝ પર ઓછી એમ્બ્રોઈડરી હોય ત્યારે સિલ્વર ચોકર નેકલેસ એક સારો વિકલ્પ છે.

## કોલર નેક બ્લાઉઝ

હાઈ નેક અને કોલરવાળા બ્લાઉઝથી ગરદન ઢંકાયેલી હોય છે એટલે સામાન્ય રીતે નેકલેસની જરૂર પડતી નથી. ભારે નેકલેસને બદલે સ્ટેટમેન્ટ ઈયરીંગ્સ પહેરો. ઝુમકા કે ચાંદબાલી ગરદનને સંતુલિત કરવામાં મદદ કરે છે. એ લુકને સ્ટાઈલિશ બનાવે છે.



## હોલ્ટરનેક બ્લાઉઝ

હોલ્ટરનેક બ્લાઉઝ પહેલાંથી જ ગરદન અને ખભા પર ધ્યાન ખેંચે છે ત્યારે નેકલેસ ન પહેરો તે જ સૌથી સારું છે. માત્ર ઈયરિંગ્સ જ પૂરતાં છે. જો નેકલેસ પહેરવો જ હોય તો એ બહુ પાતળો અને સાદો હોવો જોઈએ. નાજુક ચેન અથવા લાઈટ નેકલેસ નેકલાઈનને વધારે ભરેલી ભરેલી દર્શાવશે નહિ.





## V નેક બ્લાઉઝ

V નેક બ્લાઉઝ સાદા પેન્ડન્ટ સાથે બહુ સારાં લાગે છે. નાના પેન્ડન્ટ સાથેની એક પાતળી ચેન ગરદનની ખૂબસૂરતી નિખારે છે. આ એક એવો લુક છે જે કેઝ્યુઅલ પાર્ટી અને નાનામોટા ગેટ ટુ ગેધર માટે એકદમ યોગ્ય છે. V શેપવાળા નાના લેયર્ડ નેકલેસ પણ બહુ સુંદર લાગે છે.



## સ્વીટહાર્ટ નેક બ્લાઉઝ

આ નેકલાઈન સોફ્ટ હોય છે એટલે કર્વને નિખારે, દબાવી ન દે એવાં આભૂષણ પસંદ કરવાં જોઈએ. નાના નેકલેસ, નાજુક ચોકર કે નેકલાઈન અનુરૂપ પેન્ડન્ટ સૌથી સારાં લાગે છે. એ નેકલાઈનના આકારમાં ખૂબસૂરતીથી ફીટ થઈ એને વધારે આકર્ષક બનાવે છે. જો બ્લાઉઝમાં ડીટેલિંગ હોય તો નેકલેસને બદલે એલિગન્ટ ઈયરિંગ્સ પહેરવા યોગ્ય છે જેથી લુક સંતુલિત રહે.

## ડીપ U નેક બ્લાઉઝ

ડીપ U નેકલાઈન લાંબા હાર માટે એકદમ યોગ્ય છે. હારની લંબાઈ નીચેની તરફ ધ્યાન ખેંચે છે એટલે ખુલ્લી નેકલાઈન બેલેન્સ લાગે છે અને એક ટ્રેડિશનલ ટચ પણ આપે છે. બ્લાઉઝને અલગ દર્શાવવા માટે લેયર્ડ કે સ્ટેટમેન્ટ હાર પસંદ કરો.